# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

શ્રી શત્રુંજય-મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૧ જૂન

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. વીર પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ જતાં પ્રભુ વિહાર કરીને..................... ઉધાનમાં પધાર્યા.
૨. .................... વડેજ આત્મરૂપી ભૂમિ નિર્મળ થઈ શકે છે.
૩. ...................... સ્તોત્ર વડે પંચપરમેષ્ઠિથી ઉત્પન્ન થયેલી રક્ષાને જે કરે છે તેને ભય, આધિ, વ્યાધિ નડતા નથી.
૪. અલોકમાં .................... નો અભાવ છે.
૫. જે પ્રમાદને વશ થઈ કેવળ દેહનું પોષણ કરે અને સંયમક્રિયામાં નમાલીયા હોય તે .................... કહેવાય.
૬. કાર્મણ વર્ગણા અત્યંત સૂક્ષ્મ......................... સર્વત્ર છે.
૭. વિરતિ એ..................... છે તો સમ્યગ્ દર્શન એ દોરો છે.
૮. હું દરરોજ સુતાં સાત અને ઉઠતાં આઠ.................. ગણીશ.
૯. ગીતાર્થ ગુરુની વાત ન સમજે, અને ન સ્વીકારે, પોતાના કદાગ્રહને ન છોડે તે શ્રાવક............... જાણવો.
૧૦. ઇન્દ્રભૂતિ ગૌતમનો જન્મ....................... નક્ષત્રમાં થયો હતો.
૧૧. આપણે બધા........................... લોકમાં રહીએ છીએ.
૧૨. આનંદ - કામદેવ વગેરે...................... શ્રાવક હતા.
૧૩. શરીર, ઇન્દ્રિય, રૂપ, રંગ વગેરે આપનાર તથા આત્માના અરૂપી ગુણને આવરે તે................... કર્મ છે.
૧૪. બન્ને ચરણમાં સુંદર પાદુકારૂપ એવા લોકમાં રહેલા.................... ને નમસ્કાર હો.
૧૫. જંબુવ્દીપના સમુદ્રોમાં ઉતરવાના મોટા ઉતાર સ્થાનો........................ કહેવાય છે.
૧૬. ...................... ની નાની પણ આરાધનાકર્મ નિર્જરા અને પુણ્ય માટે છે.
૧૭. ચક્રવર્તીને જીતવા યોગ્ય ક્ષેત્ર....................... કહેવાય છે.
૧૮. સર્વ પાપોનો નાશ કરનારો નવકારમંત્ર બહારની ચારે દિશાઓમાં...................... જેવો છે.
૧૯. કાર્મણ વર્ગણાનું આત્મા તરફ ખેંચાવું અને આત્મા સાથે જોડાવું તે..................... છે.
૨૦. ઇન્દ્રભૂતિને....................... પદવી અનેકવાર પ્રાપ્ત થઈ ચુકેલી હતી.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. કયા બ્રાહ્મણને ત્યાં યજ્ઞ કરવા તે સમયના મહાન- સમર્થ બ્રાહ્મણ પંડીતો ભેગા થયા હતા ?
૨. કુમારપાળ રાજાનો ફોટો તે કેવા પ્રકારનો શ્રાવક છે ?
૩. પ્રથમ કર્મગ્રંથનું નામ શું છે ?
૪. મોક્ષમાર્ગ કયા રાજ મહેલમાંથી પસાર થાય છે ?
૫. જિન શાસન શેના ખજાના સ્વરૂપ છે ?
૬. જ્યોતિષચક્રનો સમાવેશ કયા લોકમાં થાય છે ?
૭. કર્મનો આત્માની સાથે રહેવાનો કાળ (સમય) તેને શું કહેવાય ?
૮. વીર પ્રભુનું પ્રથમ સમવસરણ કયા ગામની-નગરની બહાર થયું ?
૯. શ્રાવક શબ્દનો 'વ' શું સુચવે છે ?
૧૦. ઇન્દ્રભૂતિની જન્મભૂમિ કઈ છે ?
૧૧. અહંકારવશ થઈ સાધુના છિદ્ર જોઈ સમાજમાં નિંદા કરનાર શ્રાવક કેવા કહેવાય ?
૧૨. કર્મબંધનું ચોથું કારણ કયું છે ?
૧૩. બધા ધર્મોને સમાન ગણીએ તો કયો અતિચાર લાગે ?
૧૪. વિધાધરોના નગરો ક્યાં આવેલા છે ?
૧૫. સમ્યક્ત્વથી શું કર્યા વિના એક પણ ધર્મકૃત્ય શોભતું નથી ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) શ્રવંતિ ૨) પિધાનં ૩) સમણોવાસગા ૪) વિગ્ઘં ૫) વપ્રો ૬) સોહએ ૭) સવ્વન્નું ૮) વય ૯) મોયકે ૧૦) વિવાગં ૧૧) સેટીઓ ૧૨) પડાગસમાણે ૧૩) આયુધં ૧૪) પએસા ૧૫) ભાયસમાણે ૧૬) ઝેયં ૧૭) ચરે ૧૮) સુત્તા ૧૯) કૂડા ૨૦) ઇયં.

**પ્રશ્ન- ૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) કર્મબંધ હેતુ | ૧) ગોત્ર કર્મ | ૬) સાંખ્ય દર્શન | ૬) વાદીચક્ર ચુડામણે ! |
| ૨) સમ્યગ્દર્શન | ૨) મૃદંગાકાર | ૭) વજ્રપંજર સ્તોત્ર | ૭) મિથ્યાત્વ |
| ૩) શ્રાદ્ધવિધિ | ૩) રસબંધ | ૮) તરતમતા | ૮) કાંક્ષા અતિચાર |
| ૪) ઇન્દ્રભૂતિ | ૪) આત્મરક્ષા | ૯) ઉર્ધ્વલોક | ૯) રત્નશેખરસૂરિ |
| ૫) સ્થાનાંગસૂત્ર | ૫) પ્રકૃતિ | ૧૦) અગુરૂલઘુ | ૧૦) ચાર પ્રકારના શ્રાવક |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. આઠ કર્મની કુલ પ્રકૃતિ કેટલી ?
૨. શ્રી ઇન્દ્રભૂતિને વીર પ્રભુ કેટલામે વર્ષે મળ્યા ?
૩. મધ્યલોક કેટલા યોજન પ્રમાણ છે ?
૪. શ્રી અરિહંત પ્રભુ કેટલા દોષ રહિત છે ?
૫. જીવગ્રાહ્ય વર્ગણા કેટલી ?
૬. મનુષ્યના જન્મ–મરણ કેટલા ક્ષેત્રમાં થાય છે ?
૭. ઇન્દ્રભૂતિ કેટલા શિષ્યો સાથે પ્રભુ પાસે ગયા ?
૮. જંબુદ્વીપમાં ભૌગોલિક દૃષ્ટિથી મુખ્ય પદાર્થ કેટલા ?
૯. અરિહંત પ્રભુ જ્યાં વિચરે ત્યાં કેટલા યોજનમાં મારી–મરકી ઉપદ્રવ ન થાય ?
૧૦. મનુષ્ય ક્ષેત્ર કેટલા યોજન લાંબા – પહોળા વિસ્તારવાળું છે ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. સમગ્ર લોકના ૧૪ વિભાગ કરવામાં આવ્યા છે.
૨. પંચ પરમેષ્ઠિથી ઉત્પન્ન થયેલી રક્ષાને જે કરે તેને મંત્ર-તંત્ર-ઉપદ્રવ નડતા નથી.
૩. શ્રાવક કહેવાતી વ્યક્તિમાં જો શ્રાવક યોગ્ય ગુણ જ ન હોય તો તે નામ શ્રાવક છે.
૪. શ્રી ઇન્દ્રભૂતિને આત્મા છે કે નહિં એવી શંકા હતી.
૫. વીતરાગ પરમાત્માથી વિરૂદ્ધ પોતાનું મત પ્રસ્થાપિત કરે તે સંસક્ત કહેવાય છે.
૬. ઉત્પાદ,વ્યય, ધ્રૌવ્ય એ ત્રિગુણાત્મક છ દ્રવ્યોનું જ્યાં અવસ્થાન છે તે અલોક છે.
૭. કૃષ્ણ મહારાજા દર્શન શ્રાવક છે.
૮. પંચાસ્તિકાયમાં સમયાસ્તિકાયનો સમાવેશ થાય છે.
૯. સાધુની સેવા ભક્તિ કરે, સાધુનું પ્રમાદાચરણ જોઈને સ્નેહ રહિત ન થાય તેમજ સાધુઓ ઉપર સદા હિતવત્સલ રહે તે ભાઈ સમાન શ્રાવક જાણવા.
૧૦. પવિત્ર આચાર અને ઉમદા વિચારો વિના મનુષ્ય સાચું સુખ અને શાંતિ અનુભવી શકતો નથી.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય ક્યા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. અહો ! યજ્ઞનો મહિમા કેટલો બધો મહાન છે ! એમાં સાક્ષાત દેવો આવી રહ્યા છે.
૨. સમ્યગ્દર્શન એટલે સુદેવ, સુગુરૂ, સુધર્મમાં અતુટ સાચી શ્રદ્ધા.
૩. મસ્તક ઉપર રહેલા માથાના કવચરૂપ અરિહંત ભગવાનને ઓંકાર પૂર્વક નમસ્કાર હો.
૪. અહિં પુણ્યશાલી દિવ્યવૈભવોની અનુભૂતિ કરનારા દેવો વસે છે.
૫. હું વરસમાં એક વખત અવશ્ય સિદ્ધાચલની યાત્રા કરીશ.
૬. દ્રહ એટલે નાના સરોવર, કુંડ, મુખ્ય કુંડોની ગણત્રી કરવામાં આવી છે.
૭. મિથ્યાત્વ એટલે ખોટી માન્યતાઓ, ભ્રામક કલ્પનાઓ, એનાથી વ્યક્તિ વસ્તુના સાચા સ્વરૂપને ન જાણી શકે.
૮. અરે, આ દુષ્ટ પાપીએ આ શું કર્યું, એણે સર્વજ્ઞ તરીકે પોતાને જાહેર કરીને મને કોપાવ્યો છે.
૯. નવ તત્વાદિ ઉપર શ્રદ્ધા રાખે, સિદ્ધાંતાદિનું શ્રવણ કરે, આત્મ સ્વરૂપનું ચિંતન કરે, સુપાત્રમાં ધન વાપરે, સાધુની સેવાદિ વ્દારા પુણ્યને પ્રાપ્ત કરે તે ઉત્તમ શ્રાવક કહેવાય.
૧૦. આવી રક્ષા કરીને કરેલી સાધના નિર્વિઘ્ન બને છે અને જલ્દિ સફળતાને આપનારી થાય છે.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. મોદકના દૃષ્ટાંતથી ચાર પ્રકારના કર્મબંધ ટુંકમાં સમજાવો. ૨) શ્રાવક કેવો હોય તે જણાવી આપણો નંબર કયાં લાગે તે જણાવો. ૩) સમ્યગ્દર્શન એટલે શું તે જણાવી એનો મહિમા લખો. ૪) તિર્છાલોકનું સ્વરૂપ ટુંકમાં સમજાવો.
૫. શ્રી વ્રજપંજર સ્તોત્ર વ્દારા થતી રક્ષા સમજાવો.

**જ્વાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com